# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**આઠમું સત્ર**

**મંગળવાર, તા.૯મી માર્ચ, ૨૦૨૧**

**બપોરના ૧૨-૦૦ વાગ્યે**

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

(૨) માનનીય ઊર્જા મંત્રીશ્રી

(૩) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મંત્રીશ્રી

**૨. માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત**

સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના ખૂબ જ મહત્વના સ્ત્રોત તરીકે સન ૧૯૬૦ થી સન ૨૦૨૦ સુધીમાં ગૃહમાં અધ્યક્ષ સ્થાનેથી અપાયેલ નિર્ણયોના સંકલિત પુસ્તકના વિમોચન અંગેની જાહેરાત

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૨) કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૦૯-૧૦ થી સન ૨૦૧૩-૧૪ના પુરવણી ઓડિટ અહેવાલ, સન ૨૦૧૪-૧૫નો તૃતિય ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૫-૧૬નો ચતુર્થ ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઈ ખાબડ**

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪-૧૫નો ઓડીટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૪) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

...૨...

(૫) ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૯–૨૦ના સુધારેલ અંદાજો તથા સન ૨૦૨૦–૨૧ના સૂચિત અંદાજો

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૭) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૮) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના તા.૧૫/૦૬/૨૦ના જાહેરનામા ક્રમાંક– (જીએચએન – ૫૨) વીએટી – ૨૦૨૦/ એસ.૫ (૨)(૫૮)ઠ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૯) સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેના, નાણા વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૮૮) એમસીઆર–૨૦૨૦ (૮)/ઠ

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૦) સન ૨૦૦૩ના ભારતીય વિજ અધિનિયમ અન્વયેના, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦, જાહેરનામા ક્રમાંક– ૩/૨૦૨૦ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૧) સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ અન્વયેના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએચએન/૨૦/૨૦૨૦ વીડબલ્યુ એસ–૧૦–૨૦૧૯–વિધેયક–૧–પાર્ટફાઈલ–ખ–૪ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(૧૨) સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ અન્વયેના, શિક્ષણ વિભાગના તા.૧૯/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએસ/એસએસ/૧૫/ એસએચઈ/૨૦૧૯/૧૪૫૯/ખ–૧ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

...૩...

## ૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

| પ્રભારી મંત્રીશ્રી | પૂરક માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | પૂરક માગણીની રકમ રૂ. | પૂરક પત્રક પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ** | | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૪૯ | ઉદ્યોગો | મહેસૂલ | ૯,૪૪,૭૩,૧૬,૦૦૦ | ૪૬ થી ૪૮ |
| **માર્ગ અને મકાન વિભાગ** | | | | | |
| નાયબ મુખ્યમંત્રીશ્રી | ૮૬ | માર્ગો અને પુલ | મૂડી | ૨૦,૫૭,૧૮,૨૮,૦૦૦ | ૭૧ થી ૭૪ |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ** | | | | | |
| અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી | ૨૨ | નાગરિક પુરવઠા | મહેસૂલ | ૩,૪૦,૨૨,૫૪,૦૦૦ | ૨૫ અને ૨૬ |
| **મહેસૂલ વિભાગ** | | | | | |
| મહેસૂલ મંત્રીશ્રી | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | મહેસૂલ | ૧૪,૮૫,૫૯,૦૦,૦૦૦ | ૬૪ અને ૬૫ |
| | | | મૂડી | ૯૦,૮૨,૯૮,૦૦૦ | |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | | | | | |
| સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | ૯૨ | સામાજિક સુરક્ષા અને કલ્યાણ | મહેસૂલ | ૧,૨૪,૪૫,૬૩,૦૦૦ | ૭૯ થી ૮૧ |

અને જે પૂરક માગણીઓ પર મતદાન ન થયું હોય તેવી બાકીની બધી જ પૂરક માગણીઓ

## ૫. બિન–સરકારી કામકાજ

### (૧) બિન–સરકારી વિધેયક

**દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક

**......માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુંમર**

### (૨) બિન–સરકારી સંકલ્પો

**(૧) માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલનો સંકલ્પ**

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ અર્થતંત્ર ધબકતુ કરવા તેમજ ગ્રામજનોના જીવનમાં સામાજિક– આર્થિક પરિવર્તન લાવવા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તે જ રીતે

**૫૯ મિનિટ**

રાજ્યના ખેડૂતોને દિવસના સમયમાં ખેતી માટે વીજળી ઉપલબ્ધ થાય તે અર્થે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવી છે.

...૪...



પાણી અને વીજળી એ ખેડૂતોની પ્રાથમિક જરૂરીયાત છે. કિસાન સૂર્યોદય યોજના, જ્યોતિગ્રામ યોજના પછીની સૌથી મોટી યોજના છે જે થકી ખેડૂતોને દિવસના સમયમાં ગુણવત્તાયુક્ત વીજપુરવઠો ઉપલબ્ધ થશે.

રૂપિયા ૩૫૦૦ કરોડની આ યોજના હેઠળ ગુજરાતના અંદાજે ૪૦૦૦ જેટલા ગામોને લાભ મળવાનો શરૂ થયો છે. એટલું જ નહિ વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના તમામ ગામોને આ યોજના હેઠળ આવરી લેવા રાજ્ય સરકાર કટીબધ્ધ છે. આ યોજનાના અમલીકરણથી ખેડૂતોને હવે રાતને બદલે દિવસે ખેતી કરવાની સવલત મળતાં પાક ઉત્પાદનમાં અનેકગણો વધારો થશે. ઉપજની આવક વધતાં કિસાન પરિવારોમાં સમૃધ્ધિનો સૂરજ ઉગશે.

રાજ્યના ખેડૂતો માટે આશીર્વાદરૂપ કિસાન સૂર્યોદય યોજનાનો સમગ્ર રાજ્યમાં વહેલી તકે સંપૂર્ણ અમલ થાય તે માટે જરૂરી પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**(૨) <u>માનનીય સભ્યશ્રી રમેશભાઇ કટારાનો સંકલ્પ</u>**

**૫૯ મિનિટ**

"કોવિડ–૧૯" મહામારી સામે નાગરિકોને સુરક્ષિત રાખવા રસી ઉપલબ્ધ થઈ ગયેલ છે. રસીકરણના કાર્યક્રમને ૪ નિષ્ણાત તબીબોની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા આખરી ઓપ અપાયા બાદ કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ રસીકરણની કામગીરીનો ગુજરાતમાં આરંભ થઈ ચૂક્યો છે. કોવિશિલ્ડ અને કોવેક્સિનની રસી પર્યાપ્ત માત્રામાં ગુજરાતને ઉપલબ્ધ થઈ છે.

રસીકરણના કાર્યક્રમ માટે રાજ્યમાં ૧૬૦૦૦ વેક્સિનેટરને તાલીમબધ્ધ કરાયા છે. પ્રત્યેક સેન્ટર ઉપરથી એક દિવસમાં ૧૦૦ લોકોને રસી અપાતાં પ્રતિદિન ૧૬ લાખ લોકોને રસી આપી શકાય તેવું આયોજન કરાયું છે. વેક્સિનના સ્ટૉરેજ માટે ઝોન કક્ષાના ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર તથા ૨૧૮૯ કોલ્ડ ચેઈન પોઈન્ટ પ્રથમ તબક્કે ઉપલબ્ધ છે. ૬.૩ લાખ ફ્રન્ટ લાઈન વર્કર્સ તેમજ ૫૦ વર્ષથી વધુ વયની ૧.૩ કરોડ વ્યક્તિઓ અને બિમારી ધરાવતી ૫૦ વર્ષથી ઓછી વયની ૨.૬૮ લાખ વ્યક્તિઓની માહિતી એકત્ર કરવામાં આવી છે.

ગુજરાતમાં રસીકરણના કાર્યક્રમના બીજા તબક્કાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. તબીબો, હેલ્થ વર્કરો, આંગણવાડી વર્કર્સ, ૧૦૮ નો સ્ટાફ, પોલીસ કર્મચારીઓ, સફાઈ કર્મીઓ, મહેસૂલી કર્મચારીઓ સહિત અનેક પ્રજાજનોએ કોઈપણ જાતના ગભરાટ વિના રસીકરણ કરાવેલ છે. બીજા તબક્કાના રસીકરણ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકો તથા ગંભીર પ્રકારની બિમારી ધરાવતા ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકોને આવરી લેવાનું લક્ષ્યાંક છે. ઓછામાં ઓછા સમયગાળામાં વધુને વધુ વ્યક્તિઓ સુધી વેક્સિન પહોંચાડવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. "કોરોના હારશે અને ગુજરાત જીતશે" ના લક્ષને હાંસલ કરવા રાજ્ય સરકાર કટીબધ્ધ છે. કોરોના વેક્સિનના દરેક વ્યક્તિને બે ડોઝ મળે તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

જનસમાજના સહયોગથી રાજ્ય સરકારનું કોરોના રસીકરણ અભિયાન સંપૂર્ણ સફળ થાય અને રસીકરણની આડઅસર અંગે પ્રજામાં કોઈ ડર કે ભ્રમ હોય તો સૌ તે અંગે જાગૃતિ લાવવામાં પોતાનું યોગદાન આપી રસીકરણના અભિયાનને સફળ બનાવવા અને અભિયાન સમયબધ્ધ પૂર્ણ થાય તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

×× **(૩) <u>માનનીય સભ્યશ્રી કેતનભાઈ ઇનામદારનો સંકલ્પ</u>**

ગ્રામીણ વિસ્તારોમાં પ્રજાજનોને પોતાના ગામમાંથી જ વિવિધ સરકારી સેવાઓ ઘેરબેઠાં મળે તેવી ઐતિહાસિક ડિજિટલ ક્રાંતિ ડિજિટલ સેવાસેતુના અમલીકરણથી શક્ય બની છે. ઓક્ટોબર, ૨૦૨૦માં રાજ્ય સરકાર દ્વારા પ્રારંભ કરાયેલા આ સેવાસેતુના માધ્યમથી રાજ્યના અંતરિયાળ ૮૦૦૦ ગામોમાં ૪૫ જેટલી વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ આવરી લેવાનો લક્ષ્યાંક છે.

...૫...



ગામડાના નાગરિકોને પ્રમાણપત્રો, દાખલા કે યોજનાના લાભ માટે જરૂરી દસ્તાવેજો મેળવવા તાલુકા – જિલ્લા મથકે જવું જ ન પડે અને સમય તથા નાણાનો બચાવ થાય તેવી વ્યવસ્થાઓ આ ડિજિટલ સેવાસેતુ દ્વારા ગ્રામ્યસ્તરે જ સુનિશ્ચિત કરાઈ છે. આ નવી વ્યવસ્થામાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે વહીવટીતંત્રના વર્ક કલ્ચરમાં બદલાવ આવશે.

ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં, ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભો માટેની ૨૮ લાખ અરજીઓનો ઘરઆંગણે ઝડપી નિકાલ થયો છે. આમ, "આત્મા ગામડાનો, સુવિધા શહેરની" નો નવતર કોન્સેપ્ટ રાજ્ય સરકારે અપનાવેલ છે. રેશનકાર્ડને લગતી કામગીરી, આવક અંગેનું સોગંદનામું, આવકનો દાખલો, સિનિયર સીટીઝનનું પ્રમાણપત્ર, એફ.આઈ.આર.ની નકલ, ઓનલાઈન ટીકિટ, વિધવા સહાય અંગેનું પ્રમાણપત્ર, રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, ધાર્મિક લઘુમતીનું પ્રમાણપત્ર, જાતિ અંગેનું પ્રમાણપત્ર, ઘરઘાટીની નોંધણી, ભાડૂઆતની નોંધણી, વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના જેવી અનેક યોજનાઓના લાભ પ્રજાજનોને ગ્રામપંચાયતમાંથી જ મળી રહેશે.

ગ્રામીણ વિસ્તારોના સશક્તિકરણથી રાજ્ય સરકારે ગ્રામ સમૃદ્ધિથી શહેર, શહેરથી રાજ્ય અને રાજ્યથી રાષ્ટ્ર સમૃદ્ધિ – સશક્તિકરણની દિશામાં આગળ વધી નવા ભારતના નિર્માણનો પાયો નાખ્યો છે.

ડિજિટલ ઈન્ડિયા દ્વારા ડિજિટલ સેવાસેતુ ‘આત્મનિર્ભર ભારત’ની પ્રતિબધ્ધતા સાકાર કરીને ગુજરાત દેશનું દિશાનિર્દેશક બને તે માટે ઝડપી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

---

**×× માનનીય સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારનો સંકલ્પ નિયમ– ૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે**.

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૮મી માર્ચ, ૨૦૨૧**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**